ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૫ ટકા
ગાંધીનગર તાપમાન

સેકટર-૨૧ વૈજનાથ મહાદેવમાં તસ્કરો ત્રાટક્યા

મંદિરમાંથી શિવલીંગ પરનો નાગ, ગણેશજીની મૂર્તિ અને સિંહાસનની ચોરી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં તસ્કર ટોળકી તરખાટ મચાવી રહી છે. ત્યારે ઘરફોડ ચોરી કરતા ચોર ઈસમો ભગવાનના મંદિરોને પણ બક્ષતા નથી. શહેરના સેકટર-૨૧ સ્થિત વૈજનાથ મહાદેવ મંદિરમાં પણ ચોર ગત મોડી રાતે ચોર ઈસમ ત્રાટકયો હતો. ચોર ઈસમે મંદિરમાં શિવલીંગ પર મુકવામાં આવેલા નાગ, ગણેશજીની મૂર્તિ અને સિંહાસનની ચોરી કરી ભાગી છુટ્યા હતા. જો કે ચોરીની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થવા પામી છે. જ્યારે ચોર ઈશમે ઉઘાડા શરીરે માસ્ક પહેરેલું નજરે પડ્યું છે. જયારે બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે જાણવાજોગ ફરીયાદ કરતા પોલીસે સીસીટીવી ફુટેજને પગલે ચોર ઈશમોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગત મુજબ ચ-૬ કોર્નર પાસે આવેલા વૈજનાથ મહાદેવ મંદિર ખાતે મંગળવારના રોજ રાત્રીના સુમારે ચોર ઈસમે ચાંદીની ચાર ચીજવસ્તુ લઈને પલાયન થઈ ગયો છે. આ મુદ્દે મંદિરના પૂજારી બકાભાઈએ જણાવ્યું હતું કે મંદિરમાં ત્રાટકેલા તસ્કરો ગર્ભ ગૃહમાં શિવલિંગ પર મુકવામાં આવેલ નાગ, ગણેશજીની મુર્તિ, અને બે સિંહાસન મળી ચાંદીના ૪ ચીજવસ્તુની ચોરી કરી ગણતરીના સમયમાં અધંકારમાં ગાયબ થઈ ગયો હતો. ચોર ઈસમે કેટલા રૂપીયાની ચોરી કરી તે અંગે પોલીસ ચોપડે કોઈ નોંધ નથી. જો કે ચોરીની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે.સેકટર-૨૧ પોલીસે સીસીટીવીના ફુટેજને પગલે આરોપીને પકડી પાડવા માટે તપાસ શરુ કરી છે.

જયોતિ મહિલા મંડળની મ્યુઝિકલ ગરબા હાઉસીએ ધૂમ મચાવી

ગાંધીનગર, તા.૨૧

શહેરની જાણીતી સંસ્થા જયોતિ મહિલા મંડળ દ્વારા નવરાત્રીને અનુરૂપ મ્યુઝિકલ ગરબા હાઉસીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિઃશુલ્ક ગરબા હાઉસીમાં ગાંધીનગરના ૧૮૭ જેટલા બહેનોએ ભાગ લીધો હતો. હાઉસીમાં ૭ કેટેગરી મુજબ વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા હતા. તમામ બહેનોએ ગરબાના તાલે ખૂબ જ ચીવટપૂર્વક હાઉસીની ગેમમાં ભાગ લીધો હતો.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના બુચ, નીરૂબેન નાયક, મીનાબેન શાહ, હર્ષાબા ધાંધલ, કિન્નરીબેન દવે, જયોતિબેન ઠકકર તથા મનિષ પાથરનો પૂરતો સહયોગ રહ્યો હતો. આ સમગ્ર હાઉસીનું સંચાલન હાઉસી કિંગ અને સીંગર લય અંતાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

નવા સેકટરોમાં રહેણાંક વિસ્તારમાં કોમન ચોકમાં સાફસફાઈ બાબતે ઉદાસીનતા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના નવા સેકટરોમાં વસાહતીઓના રહેણાંક વિસ્તારમાં કોમન ચોકમાં સાફસફાઈ કરવામાં આવતી નથી આ કોમન ચોકમાં ઝાડીઓના ખરતાં પાંદડાઓ, કાગળો, માટીરોડાં વગેરે કચરાના ઢગલાઓ ખડકાયેલા છે. ચોમાસામાં વરસાદને કારણે પુષ્કળ ઘાસ ઉગી નિકળ્યું છે જે પણ કાપવામાં આવતુ નથી જેને કારણે જીવજંતુઓનો પુષ્કળ ઉપદ્રવ થઈ રહ્યો છે જેના કારણે રોગચાળો ફેલાવાનું જોખમ વધવા પામ્યું છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું છે કે અત્યારે નવા સેકટરોમાં વસાહતીઓ કોરોના, નયુમોનિયા, ટાઈફોઈડ, મેલેરિયા, ચીકનગુનિયા જેવા રોગોનો ભોગ બની રહ્યાં છે. બીજી તરફ વસાહતીઓ દ્વારા દર વર્ષે પોતાનો મિલકત વેરાનો ટેક્સ લાખો રુપિયામાં ભરવા છતાંય તમને જરૂરી સુવિધાઓ મળતી નથી કે વસાહતીઓના ટેક્સના નાણાંનો ઉપયોગ ખરેખર જરૂરી છે તે વિકાસના કામોમાં કરવામાં આવતો નથી બલ્કે માત્ર ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે અને મહાનગર પાલિકામાં ભાગબટાઈ માટે તાઈફા કરવામાં આવે છે પરંતુ નાગરિકોના વિકાસના કામો કરવામાં આવતા નથી આથી નાગરિકોમાં ઉગ્ર રોષ ફાટી નિકળેલ છે. સત્વરે નવા સેકટરોના વસાહતીઓના રહેણાંક વિસ્તારના કોમનચોકમાં સાફસફાઈ કરી સેનેટરાઈઝ તેમજ જંતુનાશક

દવાઓનો છંટકાવ કરવામાં આવે અને વસાહતીઓને સુવિધાઓમાં કોર્પોરેટર્સ દ્વારા પોતાને ફાળવેલા ફંડનો સદઉપયોગ કરવામાં આવે તેવી ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની માગણી અને લાગણી છે. જો ટૂંક સમયમાં વસાહતીઓના કોમનચોકની સાફસફાઈ કરવામાં નહી આવે તો જનતા રેડ આંદોલન સકિય કરી સેકટરોના દરેક કોમનચોકમાં વસાહતીઓની સભાઓ કરી પોતાના હક માટે લડત ચાલુ કરવામાં આવશે વસાહતીઓને જાગૃત કરવામાં આવશે જેની સરકારે નોંધ લેવી તેવું વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા અને મહામંત્રી રાજેન્દ્રભાઈ પારેખે અખબારી યાદીમાં જણાવ્યું છે.

મીઠાઈ-ફરસાણ માટે માલસામાનની સહાયની માંગણી કરતું એસોસિએશન

ગાંધીનગર, તા.૨૧

કોરોના મહામારીને કારણે દેશ, રાજય અને શહેરોમાં ઘણા ધંધા પડી ભાંગ્યા છે. ઘણા પાસે કામ નથી. સોર્સિસ નથી અને ઘણા ધંધા ચાલી તો રહ્યા છે પણ પહેલા જેવા નહિ ત્યારે મીઠાઈ-ફરસાણના વેપાર-ધંધા પર પણ કોરોનાની માઠી અસર થઈ છે. આ વેપારમાં ભારે મંદીના કારણે રાજયભરના મીઠાઈ-ફરસાણના વેપાર કરનારને ભારે ફટકો પડયો છે. આ બાબતને ધ્યાનમાં લઈ ગાંધીનગર તાલુકા-મીઠાઈ ફરસાણ-એસોસીએશનના પ્રમુખ કૌશિકભાઈ સુખડીયા દ્વારા સરકાર તરફથી આ ધંધાદારીઓને રાહત મળી રહે તેવી માંગણી કરવામાં આવી છે.

મીઠાઈ-ફરસાણમાં થતી ઘરાકી અને આવકમાં આ વર્ષે કોરોનાને કારણે ઘટાડો થતો જોવા મળ્યો છે જેને કારણે વેપારીઓને મુશ્કેલી સર્જાઈ રહી છે તથા મુશ્કેલી સર્જાવવાની શકયતા છે ત્યારે આવા કપરી મંદીના સમયે પણ તેલ, ખાંડ, બેસન, કાચી સામગ્રીના ભાવ સાથે ડિઝલ-પેટ્રોલના ભાવમાં પણ વધારો થયો છે ત્યારે આ તમામ સહિત અન્ય જરૂરી સાધન સામગ્રી પુરી પાડવા મીઠાઈ-ફરસાણના વેપારી સંગઠનો દ્વારા સરકાર સમક્ષ માંગણી કરવામાં આવી છે.

ગાંધીનગર તાલુકા-મીઠાઈ ફરસાણ એસોસીએશનના પ્રમુખ કૌશિકભાઈ સુખડીયા આ બાબતે વધુ વાત કરતા જણાવે છે કે, નવરાત્રીમાં પણ આ વર્ષે ઘરાકી થઈ નથી, લોકડાઉન, કોરોનાનો ડર અને આર્થિક ભીંસને કારણે શહેરીજનો પણ ખરીદી માટે બહાર નીકળતા નથી. વેપારીઓ દશેરાના દિવસની રાહ જોઈ રહ્યા છે પણ ત્યારે પણ પચાસ ટકા ઘરાકી ઘટવાની શકયતા છે. ફાસ્ટફુડ તથા જાહેર આરોગ્યને નુકશાનકર્તા નીવડે તેવા પેકીંગ સહિતના અન્ય ફરસાણ, નાસ્તાની સરખામણીએ વર્ષોથી વારસાઈ પરંપરા જાળવી તાજો અને આરોગ્યપ્રદ નાસ્તો-મીઠાઈ પુરી પાડતા વેપારીઓને પ્રોત્સાહન આપવું જોઈએ. દશેરાના પર્વે ફાફડા જલેબીનું પણ જાહેર આરોગ્યને હિતકારી વિશેષ મહત્વ રહ્યું છે ત્યારે સરકાર અન્ય ક્ષેત્રોની જેમ મીઠાઈ ફરસાણના વેપારને પણ મંદી બહાર લાવી આ વેપાર સાથે સંકળાયેલા તમામ ધંધાર્થીઓ, તેમના પરિવારો તથા કારીગરોને સહાયરૂપ બને તેવી સર્વે મીઠાઈ-ફરસાણના વેપારીઓની માંગ છે.

સેકટર-૩ ન્યુ ખાતે કારનો કાચ તોડી ૫ લાખની ઉઠાંતરી

બિલ્ડર ઘરનું રીનોવેશન કામ જોવા માટે આવ્યા હતા તે સમયે ઘટના સર્જાઈ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાંથી ભર બપોરે રૂ.૫ લાખની ઉઠાંતરી થવા પામી છે. સેકટર-૩ ન્યુ ખાતે કારનો કાચ તોડી બાઈક પર આવેલા શખ્સો થેલો લઈને પલાયન થઈ ગયા હતા. બિલ્ડર ગણપતભાઈ મકાનના રીનોવેશનનું કામ જોવા માટે આવ્યા હતા, તે સમયે ઘટના બની હતી. ઘરનું કામ કરી રહેલા કારીગરે આ ઘટના જોતા તેણે ચોર ચોરની બુમો પાડતા સ્થાનિકો બધા એકઠા થઈ ગયા હતા અને ચોર ઈસમોને પકડવા માટે પ્રયાસ કર્યો હતો. પરંતુ બાઈક લઈને શખ્સો પળવારમાં અદ્રશ્ય થઈ ગયા હતા. પાંચ લાખની ઉઠાંતરી ને પગલે સમગ્ર સેકટર-શહેરમાં હાહાકાર મચી ગઈ છે. જયારે સેકટર-૭ પોલીસ મથકે બિલ્ડરે ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૩ ન્યુ ખાતે રહેતા બિલ્ડર ગણપતભાઈ પરમાર પોતાના મકાનનું રિનોવેશનું કામ ચાલી રહ્યું છે. ત્યારે બપોરના સુમારે ગણપતભાઈ કાર લઈને ઘરના થઈ રહેલા કામકાજ જોવા માટે ગયા હતા.ત્યારે બપોરના સુમારે એક બાઈક પર ત્રણ શખ્સો આવ્યા હતા. જેમાં એક બગીચા પાસે બાઈક લઈને ઉભો રહ્યો હતો. બીજો શખ્સ કોમન પ્લોટ ખાતે અને ત્રીજા શખ્સે કાચ કટરથી તોડીને થેલો ઉઠાવી લીધો હતો. ઘરમાં કામ કરી રહેલા એક શ્રમિકે ઘટના જોતા તેણે ચોર ચોરની બુમો પાડી હતી. જેથી બિલ્ડર ગણપતભાઈ સહિતના સ્થાનિક નાગરીકો બહાર દોડી આવ્યા હતા. તેઓએ થેલો લઈને ભાગી ગયેલા શખ્સોનો પીછો પણ કર્યો હતો. પરંતુ ધુમ સ્પીડે બાઈક હંકારી ચોર ઈશમો ભાગી જવામાં સફળ રહ્યા હતા. જયારે થેલામાં રોકડા પાંચ લાખ રૂપીયા હોવાનું સામે આવ્યું છે. બનાવની જાણ થતા સેકટર-૭ પોલીસના સ્ટાફના જવાનો દોડી આવીને સીસીટીવી ફુટેજની ચકાસણી હાથ ધરી છે. શહેરમાંથી પાંચ લાખ રોકડાની ઉઠાંતરી થતા હાહાકાર મચી ગઈ હતી.

કેએસવીમાં 'ટેક્નોલોજી યુગના સમાચારોની વિશ્વાસનીયતા' વિષયે વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલયના પત્રકારત્વ વિભાગ અને ઇન્ડિયા મીડિયા લિટરેસી નેટવર્કના સયુંકત ઉપક્રમે 'ક્રિટીકલ થીકિંગ એન્ડ ચેકિંગ ધ ફેક્ટ-રાઈટ' વિષય પર વેબિનારનું આયોજન ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. આ વેબિનારમાં વકતાઓ દ્વારા સમાચારોની વિશ્વાસનિયતા અને સત્યતા પર વાકેફ રહેવા માટે ભાર મૂકાયો હતો.

વેબિનારના મુખ્ય વ્યાખ્યાતકાર તરીકે દિલ્હીની જી જી એ સ અ ઇ પી વિશ્વવિદ્યાલયની મેરી કોલેજના જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનના પ્રાધ્યાપક ડૉ. દિલીપ કુમારે ફેક્ટ શાળાની વિશેષ કાર્યશૈલી અને સાચા સમાચારો સમાજમાં પ્રસરીત કરવાં માટે



વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતા. દરેક સમાચાર યોગ્ય સમજ સાથે લોકો સુધી પહોંચે અને કોઈ પણ ભ્રામકતા કે અરાજકતા ન ફેલાય તેનું ધ્યાન રાખવાનું કહેતા ડો.દિલીપ કુમારે જણાવ્યું હતું કે દરેક લોકોને પોતાનો દ્રષ્ટિકોણ અલગ અલગ હોય છે પણ તથ્ય તો એક જ હોય માટે વાચકો સુધી જનઉપયોગી માહિતી પ્રધાન્ય આપીને સમાચારો પ્રસારીત કરવા હિતાવહ છે. ઉમેરો કરતાં તેમણે શહેરો કે ગામડાંઓના ઓનલાઈન સમાચારોને સારી રીતે સમજવા અને તેનું વિશ્લેષણ કરવા માટે, ઈન્ટરનેટનો ઉપયોગ કરી નાગરિકોને ઉપયોગી થવા માટે, ખોટા સમાચારોને શોધીને ઓળખવા માટે અને સાચી માહિતી વાચકો સુધી પહોંચાડાવા માટે વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. વિદ્યાર્થીઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોના સંતોષકારક જવાબો મળવાથી વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી છવાઈ હતી. સંસ્થાના ભૂતપુર્વ વિદ્યાર્થીઓએ પણ આ વેબિનારનો લાભ લીધો હતો. કાર્યક્રમના સમાપને વિભાગના અભ્યાસ સંયોજક મિતેષ મોદીએ આભાર વિધી કરી હતી અને સમગ્ર વેબિનારનું સંચાલન નિકિતા સક્સેનાએ કર્યું હતું.

સે-૩ ન્યુમાં રખડતાં કૂતરાં એકઠાં કરી પાળતા શ્વાનપ્રેમીથી સ્થાનિક રહીશો ત્રસ્ત..!!

કૂતરાંના ત્રાસથી સોસાયટીમાં બાળકો-વડીલો ઉપરાંત અખબારના ફેરિયાઓથી માંડીને મહેમાનોનું આવાગમન જોખમી બન્યું : રહીશોને કૂતરાં કરડવાના તેમજ અકસ્માતના કિસ્સા બની રહ્યા છે : મનપાથી માંડીને પોલીસ સુધી સ્થાનિક રહીશો રજૂઆત કરી ચુકયા છે પણ અસરકારક પગલાં લેવાતા નથી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર પ્રકૃતિ પ્રેમી તથા જીવદયાપ્રેમીઓનું શહેર છે. અહીં અબોલ જીવો પ્રત્યે અનુકંપા દાખવતા નાગરિકો સારી એવી સંખ્યામાં સેવા કાર્ય કરતા જોવા મળે છે.જો કે સેકટર-૩ ન્યુ ખાતે એક શ્વાનપ્રેમીના કારણે આખેઆખી સોસાયટી પરેશાનીનો ભોગ બની રહી છે અને શ્વાનપ્રેમી રહીશ પોતાના શોખ ખાતર અન્ય રહીશોના જીવ જોખમમાં મુકી રહ્યા છે. જે બાબતે સ્થાનિક રહીશોએ મહાનગરપાલિકાથી માંડીને પોલીસ તંત્ર સુધી રજૂઆત કરી છે પરંતુ હજુ સુધી તેમની હાલાકીનો ઉકેલ આવ્યો નથી અને ગલીના રખડતાં કૂતરાંઓને આશ્રય આપતા શ્વાન પ્રેમીના કારણે સ્થાનિક રહીશો અકસ્માતથી માંડીને કૂતરાંના કરડવાનો પણ ભોગ બની રહ્યા છે.

સેકટર-૩ ન્યુમાં શ્રીમાળી સોસાયટીમાં પ્રવેશદ્વારે જ પ્લોટ નં. ૬૦/૧ અને ૬૦/૨ના રહીશ દ્વારા શેરીના રખડતાં કૂતરાંઓને એકઠાં કરીને ખવડાવવા તથા તેમના પોતાના ઘર પાસે જ કૂતરાંઓનું લાલન પાલન કરવાની ટેવના કારણે ઘણા બધાં કૂતરાં ત્યાં અડ્ડો જમાવે છે. આ કૂતરાં સોસાયટીના રહીશો માટે સ્થાનિક કોર્પોરેટરે ફાળવેલા બાંકડા પર પણ અડિંગો જમાવી બેસી જાય છે અને સોસાયટીમાં આવતા-જતા અન્ય રાહદારીઓ, વાહનચાલકો વગેરેને ભસ્યા કરે છે જેથી અનેક વાહનચાલકો પોતાના ટુ વ્હિલર પરથી સ્લીપ થઈને પડી જવાથી ફ્રેકચર સુધીની ઈજાઓના ભોગ બની ચુકયા છે. આ કૂતરાંઓના કારણે સોસાયટીમાં આવતા બહારના મુલાકાતીઓ, ફેરિયાવાળા, ન્યુઝ પેપર નાંખતા ફેરિયા, શાકભાજીવાળા સહિત તમામ

આગંતુકો માટે કફોડી સ્થિતિ પેદા થઈ રહી છે એટલું જ નહી અહીંથી પસાર થતા બાળકો મહિલાઓ સહિત વયોવૃધ્ધ વડીલોને ભયના ઓથાર નીચે પસાર થવું પડી રહ્યું છે. તાજેતરમાં આ સોસાયટીના યુવા રહીશ અરવિંદ પરમારને રાત્રે કૂતરું કરડી જતાં સિવિલ હોસ્પિટલ જઈને ઈન્જેકશન સહિતની સારવાર લેવી પડી હતી.

વળી, આ કૂતરાં રાત્રીના સમયે પાર્ક કરેલા વાહનોની સીટો ફાડી નાંખે છે, બુટ-ચપ્પલ-કપડાં ખેંચી જાય છે, ત્યાં જ પેશાબ-શૌચક્રિયાઓ કરી ગંદકી ફેલાવી રોગચાળાનો ખતરો પેદા કરે છે, આખી રાત એકબીજા સામે ભસી ભસીને સોસાયટીના વડિલો, બીમાર વ્યકિતઓ કે વિદ્યાર્થીઓ સહિત તમામની ઉંઘમાં ખલેલ પહોંચાડે છે અને આ તમામ સમસ્યાઓનું સોસાયટીના રહીશો દ્વારા માથા ભારે શ્વાનપ્રેમી રહીશને વારંવાર ધ્યાન દોરી રજૂઆત કરવા છતાં તેઓ તેને સમજવાને બદલે સોસાયટીના રહીશોને જીવદયાના નામે ખોટા કેસો કરી ફસાવી દેવાની ધમકીઓ આપતા હોવાનું સ્થાનિક રહીશે જણાવ્યું છે. સોસાયટીના રહીશોએ આ સમસ્યા અંગે મનપાના નાયબ મ્યુનિસિપલ કમિશનરથી માંડીને પોલીસ સ્ટેશન સુધી લેખિત રજૂઆતો કરી છે છતાં અગમ્ય કારણોસર કોઈ અસરકારક પગલાં લેવામાં નથી આવી રહ્યાં. જેના કારણે સ્થાનિક રહીશોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે અને સત્વરે આ સમસ્યાનું નિરાકરણ આવે તેવું ઈચ્છી રહ્યા છે.

ચિરવિદાય

- સ્વ. મીસરીકુમાર ગંગાધર ઝા, ઉ.વ. ૬૦, છત્રાલ, કડી, જી. મહેસાણા
- સ્વ. બિપિનચંદ્ર અંબાલાલ રાવલ, ઉ.વ. ૬૫, વસ્ત્રાલ, જી. અમદાવાદ
- સ્વ. વાઘેલા શંકરસિંહ ગોપાલસિંહ, ઉ.વ. ૬૫, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. મિસ્ત્રી જગજીવનભાઈ પ્રાગજીભાઈ, ઉ.વ. ૭૪, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. બ્રાર શાંતિરાની, ઉ.વ. ૯૩, અડાલજ, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર નાગજીભાઈ મંગાજી, ઉ.વ. ૫૫, પાનસર, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર રામાજી નાનુજી, ઉ.વ. ૬૦, માણેકપુર, તા. માણસા
- સ્વ. ઠાકોર દેવુજી મગનજી, ઉ.વ. ૫૯, સે-૧૫, ગાંધીનગર
- સ્વ. ચૌધરી લવજીભાઈ લખુભાઈ, ઉ.વ. ૮૫, સેકટર-૧૯, ગાંધીનગર
- સ્વ. જગદીશભાઈ ચંદુભાઈ નાયી, ઉ.વ. ૫૨, સે-૧૪, ગોકુળપુરા, ગાંધીનગર
- સ્વ. કાન્તીલાલ મનોરભાઈ વણકર, ઉ.વ. ૮૦, રાણીપ, અમદાવાદ